# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 20-04-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર નીકીતા શાહ વાંચે છે.

**************************************************

1) નાણામંત્રી નિર્મળા સીતારમણ આજથી અમેરિકા અને પેરુના પ્રવાસે જશે.

2) દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં ઇમારત ધરાશાયી થતાં 11ના મોત, પાંચ ઈજાગ્રસ્ત.

3) ભારતીય જનતા પાર્ટી આજથી વકફ સુધારા વિધેયકના લાભ અંગે જાગૃતિ માટે રાષ્ટ્રવ્યાપી ઝૂંબેશ શરૂ કરશે.

4) નિશાનબાજીના વિશ્વકપમાં , ભારતના અર્જુન બાબુતા એ 10 મીટર એર રાઇફલ રજત ચંદ્રક જીત્યો

5) IPLમાં, લખનૌ સુપર જાયન્ટ્સે રાજસ્થાન રોયલ્સને બે રને હરાવ્યું.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# NIRMALA SITHARAMAN VISIT

નાણામંત્રી નિર્મલા સીતારમણ આજથી અમેરિકા અને પેરુની સત્તાવાર મુલાકાતે જશે. અમેરિકામાં સન ફ્રાન્સિસ્કો ખાતેના તેમના બે દિવસના રોકાણ દરમિયાન, શ્રીમતી સીતારમણ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે હૂવર ઇન્સ્ટિટ્યૂશનમાં સંબોધન કરશે અને ટોચની માહિતી ટેકનોલોજી કંપનીઓના સીઈઓ સાથે દ્વિપક્ષીય બેઠકો ઉપરાંત, અગ્રણી ફંડ મેનેજમેન્ટ કંપનીઓના ટોચના સીઈઓ સાથે વાતચીત કરશે. આ સાથે જ ત્યાં વસતા ભારતીયો સાથે વાતચીત પણ કરશે.

22મી એપ્રિલે વોશિંગ્ટનની તેમની મુલાકાત દરમિયાન, નાણામંત્રી આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ અને વિશ્વ બેંકની વસંત બેઠકોમાં ભાગ લેશે. સાથે જ G20ના નાણામંત્રીઓ સાથે પણ એક બેઠકમાં ભાગ લેશે.

26 એપ્રિલે પેરુની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન, શ્રીમતી સીતારમણ નાણા મંત્રાલયના અધિકારીઓ અને વ્યાપારી નેતાઓના ભારતીય પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ કરશે, જે બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય આર્થિક અને વેપાર સંબંધોને મજબૂત બનાવવા પર પ્રકાશ પાડશે.

# PM-DELHI BUILDING COLLAPSE

દિલ્હીના મુસ્તફાબાદ વિસ્તારમાં ગઈકાલે વહેલી સવારે ચાર માળની ઇમારત ધરાશાયી થતાં 11 લોકોના મોત થયા છે અને પાંચ લોકો ઘાયલ થયા છે જેમની સારવાર ચાલી રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો છે અને સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું, ઘાયલોના ઝડપથી સ્વસ્થ થવા માટે હું પ્રાર્થના કરુ છું.

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ આ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો અને કહ્યું કે, આ ઘટનાના દોષિતો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

(BYTE: REKHA GUPTA)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઇમારત ધરાશાયી થવાથી થયેલા જાનહાનિ પર દુઃખ વ્યક્ત કર્યું છે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ પોતાના પ્રિયજનો ગુમાવનારાઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને દરેક મૃતકના નજીકના સંબંધીઓને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી બે લાખ રૂપિયાની સહાય અને ઘાયલોને 50 હજાર રૂપિયા આપવાની જાહેરાત કરી છે.

# BJP AWARENESS-NEW WAQF LAW

ભારતીય જનતા પાર્ટી આજથી 5મે સુધી રાષ્ટ્રવ્યાપી ઝુંબેશ ચલાવશે જેથી તાજેતરમાં પસાર થયેલા વકફ (સુધારા) વિધેયકના ફાયદાઓ વિશે જાગૃતિ ફેલાવી શકાય.

ભાજપના મહાસચિવ રાધા મોહન દાસ અગ્રવાલ અને લઘુમતી પાંખના પ્રમુખ જમાલ સિદ્દીકી 5મે સુધી ચાલનાર આ ઝુંબેશનું નેતૃત્વ કરશે. આ અગાઉ વક્ફ વિધેયકને લઈને દેશભરના ભાજપના પદાધિકારીઓની ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના નિવાસ સ્થાને 10 એપ્રિલે બેઠક યોજાઈ હતી. ત્યારે તેમણે

જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની સરકાર વકફના સંચાલન અને કલ્યાણ કાર્યક્રમોમાં મુસ્લિમો અને મહિલાઓને તેની મિલકતોના પારદર્શક અને કાર્યક્ષમ સંચાલન સાથે હિસ્સેદાર બનાવવા માટે કટિબદ્ધ છે.

# US VP - VISIT

અમેરિકાના ઉપરાષ્ટ્રપ્રમુખ જે.ડી. વાન્સ આવતીકાલથી ભારતની ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આવશે. વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું કે, શ્રી વાન્સની આ પહેલી ભારત મુલાકાત હશે. તેમના રોકાણ દરમિયાન, તેઓ સોમવારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરશે. ઉપરાષ્ટ્રપ્રમુખ અને તેમના પ્રતિનિધિમંડળ દિલ્હીમાં અનેક કાર્યક્રમોમાં પણ ભાગ લેશે. જ્યારે જયપુર અને આગ્રાની પણ મુલાકાત લેશે.

આ મુલાકાત બંને પક્ષોને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિ અને આ વર્ષે 13 ફેબ્રુઆરીના રોજ પ્રધાનમંત્રીની અમેરિકા મુલાકાત દરમિયાન જારી કરાયેલા ભારત-અમેરિકા સંયુક્ત નિવેદનના પરિણામોના અમલીકરણની સમીક્ષા કરવાની તક પણ પૂરી પાડશે. બંને પક્ષો પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કરશે.

# VAISHNAW-WAVES

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, મીડિયા અને તેમના અર્થતંત્ર માટે સામગ્રી તૈયાર કરનારા લોકોમાં પરિવર્તન આવી રહ્યું છે.

ટેકનોલોજી સાથે જૂનું મોડેલ નવા મોડેલને માર્ગ આપી રહ્યું છે અને નવી તકો તેમજ પડકારો પણ આપી રહ્યું છે, એમ શ્રી વૈષ્ણવે વિશ્વ શ્રાવ્ય-દ્રશ્ય અને મનોરંજન સંમેલન-વેવ્ઝ પહેલા નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું.

**તેમણે વધુમાં કહ્યું છે કે વેવ્સ વૈશ્વિક સ્તરે સામગ્રી નિર્માતાઓ, ખરીદદારો અને માર્કેટર્સ માટે એક જોડાણ તરીકે ઉભરી રહ્યું છે.**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**ગોન્ગ મ્યુઝીક**

. . . . . . . . . . . . . . .

# NAXALS-SURRENDERED

**છત્તીસગઢના નારાયણપુરમાં ગઇકાલે ચાર મહિલાઓ સહિત પાંચ નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું છે. ઇન્ડો-તિબેટીયન બોર્ડર પોલીસના જણાવ્યા મુજબ એક દિવસ અગાઉ, 20 થી વધુ નક્સલીઓએ પોતાના શસ્ત્રો સમર્પણ કર્યા હતા.**

**છત્તીસગઢના સુકમામાં પોલીસ અધિક્ષક (એસપી) કિરણ ગંગારામ ચવ્હાણની હાજરીમાં એક દિવસ અગાઉ નવ મહિલાઓ સહિત 22 નક્સલીઓએ આત્મસમર્પણ કર્યું હતું. શરણાગતિ પામેલા નક્સલીઓને સરકારની શરણાગતિ નીતિ હેઠળ તમામ લાભો મળશે. ઉલ્લેખનીય છે કે, આ મહિનાની શરૂઆતમાં, 26 નક્સલીઓએ દાંતેવાડામાં આત્મસમર્પણ કર્યું હતું.**

# CHARDHAM YATRA

ઉત્તરાખંડની ચારધામ યાત્રામાં યમુનોત્રી અને ગંગોત્રી ધામ 30 એપ્રિલના રોજ ખુલશે. જ્યારે શ્રી કેદારનાથ ધામના કપાટ 2 મેના રોજ અને શ્રી બદ્રીનાથ ધામના કપાટ 4 મેના રોજ ખુલશે.

વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓની સલામતી અને સુવિધા સુનિશ્ચિત કરવા માટે તૈયારીઓ ચાલી રહી છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું કે, સરકાર સલામત અને સરળ યાત્રા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.
ઉત્તરાખંડનાં અધિકારીઓ ચારધામ યાત્રા પહેલા વિવિધ મંદિર સ્થળો અને સુવિધાઓનું નિરીક્ષણ કરી રહ્યા છે.

# EASTER

આજે ઇસ્ટર છે. એવું મનાય છે કે ગુડ ફ્રાઈડેના દિવસે ઈસુ ખ્રિસ્તને ક્રોસ પર ચડાવ્યા પછી, આજના દિવસે તેમનો પુનર્જન્મ થયો હતો. આજે, આ પ્રસંગે, વિશ્વભરના ચર્ચોમાં ખાસ પ્રાર્થના સભાઓ યોજાઈ રહી છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે ઈસ્ટરની શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે પોતાના સંદેશમાં કહ્યું કે, આ તહેવાર નિઃસ્વાર્થ પ્રેમ અને સેવાનો સંદેશ આપે છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે, ઈસુ ખ્રિસ્તનું જીવન આપણને સત્ય, ન્યાય અને કરુણાના માર્ગ પર ચાલવા માટે પ્રેરણા આપે છે. તેમણે ઈસુ ખ્રિસ્તના જીવન મૂલ્યોને અપનાવવા અને સમાજમાં શાંતિ અને સમૃદ્ધિને પ્રોત્સાહન આપવા અપીલ કરી.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું કે, ઇસ્ટર આશા અને નવીનતાનું પ્રતીક છે. તેમણે કહ્યું કે, ઈસુ ખ્રિસ્તના કરુણા, ક્ષમા અને સેવાના શાશ્વત ઉપદેશો સુમેળભર્યા સમાજના નિર્માણનો માર્ગ મોકળો કરે છે.

# ISSF SHOOTING

નિશાનબાજીના  વિશ્વકપમાં, ભારતના અર્જુન બાબુતા-એ 10 મીટર એર રાઇફલ સ્પર્ધામાં રજત ચંદ્રક જીત્યો છે

બાબુતા ચીનના લિહાઓ શેંગથી માત્ર 0.1 પોઈન્ટ પાછળ રહીને સુવર્ણ ચંદ્રક મેળવવાની તક ચૂકી ગયા .

અગાઉ, ભારતે 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટ્સમાં પ્રભુત્વ મેળવ્યું હતું. સુરુચી ઈન્દર સિંહે સૌરભ ચૌધરી સાથે મહિલા વ્યક્તિગત ઇવેન્ટ અને મિશ્ર ટીમ ઇવેન્ટમાં બે સુવર્ણ ચંદ્રક જીતીને શાનદાર પ્રદર્શન કર્યું હતું. મહિલાઓની 10 મીટર એર પિસ્તોલ ઇવેન્ટની ફાઇનલમાં સુરુચી 243.6 પોઈન્ટ સાથે પોડિયમમાં ટોચ પર રહી હતી, તેણે ભારતની શૂટિંગ સ્ટાર મનુ ભાકરને હરાવી હતી. મનુ ભાકરે રજત ચંદ્રક મેળવ્યો હતો.

# IPL

IPLમાં, લખનૌ સુપર જાયન્ટ્સે ગઈકાલે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને બે રનથી હરાવ્યું.

181 રનના લક્ષ્યાંકનો પીછો કરતા રાજસ્થાન રોયલ્સ, નિર્ધારિત વીસ ઓવરમાં પાંચ વિકેટે 178 રન બનાવી ઓલઆઉટ થઈ હતી. યશસ્વી જયસ્વાલે સૌથી વધુ 74 રન બનાવ્યા હતા. લખનૌ સુપર જાયન્ટ્સ તરફથી અવેશ ખાને ત્રણ વિકેટ લીધી અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

અગાઉ, લખનૌ સુપર જાયન્ટ્સે પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો અને 20 ઓવરમાં પાંચ વિકેટે 180 રન બનાવ્યા હતા.

અમદાવાદમાં રમાયેલી બીજી મેચમાં ગુજરાત ટાઇટન્સે દિલ્હી કેપિટલ્સ સામે સાત વિકેટે વિજય મેળવ્યો હતો. 204 રનના લક્ષ્યનો પીછો કરતા ગુજરાત ટાઇટન્સે જોસ બટલરના અણનમ 97 રનની મદદથી 19.2 ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું હતું. આ પહેલા દિલ્હીએ પ્રથમ બેટિંગ કરતા આઠ વિકેટે 203 રન બનાવ્યા હતા. આ જીત સાથે, ગુજરાત ટાઇટન્સ પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું છે,

આઈપીએલમાં આજે, પંજાબ કિંગ્સ ચંદીગઢમાં બપોરે 3:30 વાગ્યે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ટકરાશે, અને મુંબઈ ઇન્ડિયન્સ 7:30 વાગ્યે મુંબઈમાં ચેન્નાઈ સુપર કિંગ્સ સામે ટકરાશે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે રિધ્ધિ ઉંધાડ

1) આજના મોટાભાગના અખબારોમાં અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ટેરિફના સમાચાર જોવા મળી રહ્યા છે.
2) ગુજરાત સમાચાર લખે છે કે અમેરિકા, ભારત અને ચીન ટ્રેડ વોર ટાળવા વાટાઘાટો માટે તૈયાર...સંદેશે પહેલા પાના પર લખ્યું છે કે ટ્રમ્પ ટેરિફની આગ અનેક દેશોને દઝાડશે.. કુલછાબ લખે છે કે ટેરિફની આગમાં ઘણા દેશ સળગશે-ચીન
3) દિવ્યભાસ્કર લખે છે કે પીએમ મોદી આવતા સપ્તાહે સાઉદી અરેબિયા જશે...
4) રાજસ્થાન પત્રિકા પહેલા પાનાં પર લખે છે કે 1500 કરોડકા જિન્ના હાઉસ ડિપ્લોમેટિક એન્કલેવમેં બદલેગા... બાંગ્લાદેશમેં હિંદુ નેતા કો ઘર સે ઉઠાયા, પીટ-પીટકર માર ડાલા... કુલછાબ લખે છે કે બાંગ્લાદેશમાં હિન્દુ નેતાની ક્રુર હત્યા,,,
5) આ સાથે જ જિંદાલ જમીન કૌભાંડ કેસના સમાચારને પણ મહત્વ અપાયું છે...
6) દિવ્યભાસ્કર લખે છે કે જિંદાલ જમીન કૌભાંડ,પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્મા સહિત 4ને પાંચ વર્ષની જેલ...સંદેશ લખે છે કે જિંદાલ કંપનીને ગેરકાયદે જમીન- કચ્છના પૂર્વ કલેક્ટર પ્રદીપ શર્માને 5 વર્ષની સજા....
7) ગુજરાત સમાચારના છેલ્લા પાનાં પર મોરબી પુલ દુર્ઘટનામાં CBI તપાસ માંગતી અરજી સુપ્રીમ કોર્ટે દાખલ કરીના સમાચાર જોવા મળી રહ્યા છે...